# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

SGCCI

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેકસ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


રેફ નં. તા : ૧૫/૫/૨૦૨૧

તંત્રીશ્રી, ______________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

# વિદ્યાર્થી અને વાલીઓએ UPSC-GPSC પરીક્ષા માટેની ગેરમાન્યતાને દૂર કરવાની જરૂર છે : કાનજી ભાલાળા

## ચેમ્બર દ્વારા 'મેક યોર કેરીયર ઇન યુપીએસસી–જીપીએસસી' વિશે વેબિનાર

**સુરત.** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા શુક્રવાર, તા. ૧૪ મે ૨૦૨૧ના રોજ 'મેક યોર કેરીયર ઇન યુપીએસસી – જીપીએસસી' વિષય ઉપર વેબિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ધી વરાછા કો–ઓપરેટીવ બેંક લિમિટેડના પૂર્વ ચેરમેન કાનજી ભાલાળાએ વિદ્યાર્થી અને વાલીઓને યુપીએસસી અને જીપીએસસી પરીક્ષા પદ્ધતિ વિશે સમજણ આપી આ પરીક્ષાઓ અંગેની તેઓના મનમાં રહેલી ગેરમાન્યતાને દૂર કરવાની સલાહ આપી હતી.

કાનજી ભાલાળાએ જણાવ્યું હતું કે, ખાસ કરીને ગુજરાત રાજ્યના વિદ્યાર્થીઓ અને વાલીઓમાં એવી ગેરમાન્યતા છે કે યુપીએસસી અને જીપીએસસી પરીક્ષા ખૂબ અઘરી છે. આ પરીક્ષાઓમાં પણ લાગવગ ચાલતી હશે અને ગુજરાતીઓ આ પરીક્ષા પાસ કરવા માટે સક્ષમ નથી. આ ગેરમાન્યતાને કારણે મોટા ભાગના વિદ્યાર્થીઓ યુપીએસસી અને જીપીએસસી પરીક્ષાની તૈયારી જ શરૂ કરતા નથી. એટલું જ નહી પણ આ દિશામાં તેઓ વિચારતા પણ નથી.

યુપીએસસી અને જીપીએસસી પરીક્ષા પાસ કરીને કારકિર્દી ઘડવી હોય તો તે વિદ્યાર્થીઓ માટે શ્રેષ્ઠ હોય છે. જો કે, કલાસ વન અને કલાસ ટુ ઓફિસરોમાં ગુજરાતીઓ નહીવત હોય છે. મોટા ભાગે એવું પણ બનતું હોય છે કે

ગ્રેજ્યુએશન પૂર્ણ કર્યા બાદ કેટલાક વિદ્યાર્થીઓ યુપીએસસી અને જીપીએસસી પરીક્ષાની તૈયારી કરતા હોય છે. જેને કારણે પણ તેઓને સફળતા મળતી નથી. આથી તેમણે વિદ્યાર્થીઓને એવી સલાહ આપી હતી કે, કોલેજના પ્રથમ વર્ષથી વિદ્યાર્થીઓએ યુપીએસસી અને જીપીએસસી પરીક્ષાની તૈયારી શરૂ કરી દેવી જોઇએ. એના માટે વિદ્યાર્થીઓએ પાઠય પુસ્તક સિવાયનું વાંચન કરવું જોઇએ.

તેમણે જણાવ્યું હતું કે, માત્ર અંગ્રેજી ભાષામાં જ પરીક્ષા આપવાની હોય છે એવી ગેરમાન્યતા વિદ્યાર્થીઓને હોય છે પણ એવું નથી. કોઇપણ પ્રાદેશિક ભાષામાં યુપીએસસી અને જીપીએસસીની પરીક્ષા આપી શકાય છે. યુપીએસસીની પરીક્ષા આઇએએસ, આઇએફએસ અને આઇઆરએસ સિવાય અન્ય ર૩ પ્રકારની સર્વિસિસ માટે લેવામાં આવે છે. ગુજરાતમાં જીપીએસસીની પરીક્ષા પાસ કરીને ડેપ્યુટી કલેકટર જેવા કલાસ વન અને કલાસ ટુ અધિકારી બની શકાય છે. વિદ્યાર્થી ધારે તો મહેનત કરીને સફળ થઇ શકે છે પણ વિદ્યાર્થીઓ પ્રોપર તૈયારી કરતા નથી એટલે તેઓ પાસ થતા નથી. આથી કોલેજના ત્રણ વર્ષની સાથે સાથે યુપીએસસી અને જીપીએસસીની તૈયારી કરાય તો પહેલી ટ્રાયલમાં પાસ થઇ જવાય છે.

ચેમ્બરના માનદ્ મંત્રી નિખિલ મદ્રાસીએ વેબિનારમાં સ્વાગત પ્રવચન કર્યું હતું. જ્યારે ગૃપ ચેરમેન દીપકકુમાર શેઠવાલાએ વેબિનારનું સંચાલન કર્યું હતું. અંતે ચેમ્બરના માનદ્ ખજાનચી મનિષ કાપડીયાએ સર્વેનો આભાર માની વેબિનારનું સમાપન કર્યું હતું.